અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/ ૨૬૬૧ -૨૧૧૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.10/08/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:-ધોરણ-9 અને 11ના કમ્પ્યુટર અધ્યયન વિષયના પાઠ્યક્રમનું માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપ મોકલવા બાબત.
સંદર્ભ:- (1) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:ED/MIS/e-file/3/2025/1297/CHH, તા.17/01/2026
(2) તા.07/08/2026ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:16/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભ-1 દર્શિત પત્રથી ધોરણ-9 અને 11ના કમ્પ્યુટર અધ્યયન વિષયના પાઠ્યપુસ્તકોનો શૈક્ષણિક વર્ષ 2026-27 થી અમલ કરવા અંગે સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. સદર બાબતે સંદર્ભ-2 દર્શિત શૈક્ષણિક સમિતિના ઠરાવથી થયેલ નિર્ણય અન્વયે શૈક્ષણિક વર્ષ 2026-27 થી ધોરણ-9 અને 11માં કમ્પ્યુટર અધ્યયન વિષયના આ સાથે સામેલ પાઠ્યક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ કરવાનો રહેશે. જે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:-ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (માધ્યમિક, સામાન્ય પ્રવાહ) જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-9

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (24)

## વાર્ષિક પરીક્ષા

સમય : 1 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 40

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 12 | 12 | 12 | 04 | 40 |
| ટકા(%) | 30% | 30% | 30% | 10% | 100% |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (MCQ) | 40 | 40 |
| | કુલ | 40 | 40 |

પ્રકરણ અનુસાર ગુણભારની ફાળવણી

| ક્રમ | પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | સૈદ્ધાંતિક ગુણભાર | પ્રાયોગિક ગુણભાર |
|---|---|---|---|---|
| 1. | 1 | કમ્પ્યૂટરનો પરિચય | 4 | - |
| 2. | 2 | કમ્પ્યૂટરના પ્રકારો અને ડેટાની રજૂઆતનો પરિચય | 4 | - |
| 3. | 3 | ઓપરેટિંગ સિસ્ટમનો પરિચય | 4 | - |
| 4. | 4 | ઉબુન્ટુનો પરિચય | 4 | - |
| 5. | 5 | ઉબુન્ટુની યુટીલીટીઝ | 4 | 5 |
| 6. | 6 | વર્ડ પ્રોસેસિંગના મૂળભૂત ખ્યાલો | 4 | - |
| 7. | 7 | ડોક્યુમેન્ટ સાથે કામગીરી | 3 | 10 |
| 8. | 8 | ટેબલ (Table) અને પિક્ચર (Picture) સાથેના કાર્યો | 3 | 10 |
| 9. | 9 | પ્રેઝન્ટેશન સૉફ્ટવેરનો પરિચય | 4 | 10 |
| 10. | 10 | પ્રેઝન્ટેશનમાં અન્ય સુધારા | 3 | 5 |
| 11. | 11 | કમ્પ્યૂટર સુરક્ષાનો પરિચય | 3 | - |
| | | કુલ | 40 | 40 |

- સૈદ્ધાંતિક પરીક્ષા : 40 ગુણ + પ્રાયોગિક પરીક્ષા : 40 ગુણ + આંતરિક મૂલ્યાંકન : 20 ગુણ = કુલ 100 ગુણ

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-9

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (24)

## પાઠ્યક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1. | કમ્પ્યૂટરનો પરિચય | 09 |
| 2. | જુલાઈ | 2.<br>3. | કમ્પ્યૂટરના પ્રકારો અને ડેટાની રજૂઆતનો પરિચય<br>ઓપરેટિંગ સિસ્ટમનો પરિચય (અપૂર્ણ) | 08<br>04 |
| 3. | ઑગસ્ટ | 3.<br>4. | ઓપરેટિંગ સિસ્ટમનો પરિચય (પૂર્ણ)<br>ઉબુન્ટુનો પરિચય (અપૂર્ણ) | 02<br>07 |
| 4. | સપ્ટેમ્બર | 4.<br>5. | ઉબુન્ટુનો પરિચય (પૂર્ણ)<br>ઉબુન્ટુની યુટીલીટીઝ (અપૂર્ણ) | 05<br>04 |
| 5. | ઑક્ટોબર | 5. | ઉબુન્ટુની યુટીલીટીઝ (પૂર્ણ) | 06 |
| 6. | નવેમ્બર | 6. | વર્ડ પ્રોસેસિંગના મૂળભૂત ખ્યાલો (અપૂર્ણ) | 03 |
| 7. | ડિસેમ્બર | 6.<br>7. | વર્ડ પ્રોસેસિંગના મૂળભૂત ખ્યાલો (પૂર્ણ)<br>ડોક્યુમેન્ટ સાથે કામગીરી | 04<br>08 |
| 8. | જાન્યુઆરી | 8. | ટેબલ (Table) અને પિક્ચર (Picture) સાથેનાં કાર્યો તથા મેઈલ મર્જ | 06 |
| 9. | ફેબ્રુઆરી | 9<br>10. | પ્રેઝન્ટેશન સોફ્ટવેરનો પરિચય<br>પ્રેઝન્ટેશનમાં અન્ય સુધારા (અપૂર્ણ) | 06<br>03 |
| 10. | માર્ચ | 10.<br>11. | પ્રેઝન્ટેશનમાં અન્ય સુધારા (પૂર્ણ)<br>કમ્પ્યૂટર સુરક્ષાનો પરિચય | 03<br>06 |
| 11. | એપ્રિલ | - | પુનરાવર્તન | 03 |
| | | | કુલ તાસ | 87 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-9

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (પ્રાયોગિક) (51)

## વાર્ષિક પરીક્ષા

સમય : 1 કલાક | **નમૂનાનું પ્રશ્નપત્ર** | ગુણ : 40

---

પ્રાયોગિક પરીક્ષાનું નમૂનાનું પ્રશ્નપત્ર | ગુણ

1. નોટીલસ ફાઈલ મેનેજર ખોલીને, ડોક્યુમેન્ટ ફોલ્ડરમાં આવેલી ફાઈલને લિસ્ટ વ્યુમાં દર્શાવો.

   એમાંથી કોઈ એક ફાઈલને ડાઉનલોડ ફોલ્ડરમાં કોપી કરો. 05

2. લિબ્રે ઑફિસ Writerમાં AI વિશે એક ફકરો ટાઈપ કરો. ફકરાને એક ટાઈટલ આપીને તેને બોલ્ડ અને અંડરલાઈન કરો. ફકરાના ટાઈટલને અપર કેસમાં દર્શાવો અને ટાઈટલને સૅન્ટરમાં ગોઠવો

   AIના ફાયદા બુલેટ લિસ્ટ સાથે દર્શાવો. 10

3. નીચે આપેલમાંથી કોઈ પણ એક પ્રાયોગિક કાર્ય કરો. 10

   (1) લિબ્રે ઑફિસ Writerમાં ટેબલનો ઉપયોગ કરીને શાળાની પરીક્ષાનું ટાઈમટેબલ બનાવો. હાલના દસ્તાવેજમાં એક ઈમેજ (પિક્ચર) ઉમેરો.

   (2) લિબ્રે ઑફિસ Writerમાં મેઈલ મર્જનો ઉપયોગ કરીને તમારા જન્મદિવસની ઉજવણીનું આમંત્રણ આપવા માટે પાંચ મિત્રને મોકલવાનો પત્ર તૈયાર કરો.

4. લિબ્રે ઑફિસ Impressમાં "My School" વિષય ઉપર આકર્ષક પ્રેઝન્ટેશન તૈયાર કરો. 10

5. ઉપરોક્ત પ્રેઝન્ટેશનમાં સ્લાઈડ ટ્રાન્ઝિશન અને એનિમેશન દરેક સ્લાઈડ માટે આપો અને દરેક સ્લાઈડમાં આજની તારીખ અને સ્લાઈડ નંબર દર્શાવો. 05

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2026-27

## ધોરણ-9

## વિષય : કમ્પ્યૂટર અધ્યયન (સૈદ્ધાંતિક) (24)

## વાર્ષિક પરીક્ષા

સમય : 1 કલાક | **નમૂનાનું પ્રશ્નપત્ર** | ગુણ : 40

---

સૂચનાઓ :

- પ્રશ્નપત્રમાં 40 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. વિધાન સાચું બને તે માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
- પ્રશ્નોના ઉત્તર આપવા માટે OMR શીટ આપવામાં આવી છે. દરેક પ્રશ્નના ઉત્તર (A) O, (B) O, (C) O, (D) O, દ્વારા દર્શાવવામાં આવ્યો છે.
- સાચા ઉત્તરના વર્તુળને બોલ-પેનથી ઘાટું કરો, ● જો એક કરતાં વધુ વર્તુળ ઘાટા કરવામાં આવશે તો તે ઉત્તર અમાન્ય ગણવામાં આવશે. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.

---

1. સિસ્ટમ સોફ્ટવેરનું પ્રાથમિક કાર્ય નીચે આપેલમાંથી કયું છે ?

   (A) રમતો રમવી　　(B) ડૉક્યુમેન્ટ બનાવવા

   (C) હાર્ડવેરનું વ્યવસ્થાપન　　(D) ચિત્રો દોરવા

2. નીચે આપેલમાંથી કમ્પ્યૂટરની કઈ પેઢીમાં ટ્રાન્ઝિસ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

   (A) પ્રથમ પેઢી　　(B) બીજી પેઢી

   (C) ત્રીજી પેઢી　　(D) ચોથી પેઢી

3. નીચેનામાંથી કયું ઈનપુટ સાધન છે ?

   (A) કીબોર્ડ　　(B) સૅન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ

   (C) કંટ્રોલ યુનિટ　　(D) પ્રિન્ટર

4. નીચેનામાંથી કઈ પ્રાથમિક સંગ્રાહક મુખ્ય મેમરી કમ્પ્યૂટર શરૂ કરવા માટે જરૂરી સૂચનાઓનો કાયમી સંગ્રહ કરે છે ?

   (A) રેન્ડમ એક્સેસ મેમરી　　(B) રીડ ઓન્લી મેમરી

   (C) હાર્ડ ડિસ્ક ડ્રાઈવ　　(D) મેમરી કાર્ડ

5. કમ્પ્યૂટર પર વિવિધ કાર્યો કરવા માટે રચાયેલા પ્રોગ્રામના સમૂહને શું કહેવામાં આવે છે ?

   (A) હાર્ડવેર　　(B) ડેટા

   (C) સોફ્ટવેર　　(D) ઈનપુટ

6. નીચે આપેલમાંથી 8 બીટના જૂથને શું કહેવામાં આવે છે ?

   (A) બીટ　　(B) બાઈટ

   (C) કિલો બાઈટ　　(D) મેગા બાઈટ

7. નીચે આપેલમાંથી કઈ અંક પદ્ધતિ દસ જુદા જુદા અંકોનો ઉપયોગ કરે છે ?

(A) દ્વિઅંકી (B) અષ્ટાંકી

(C) દશાંકી (D) સોળ અંકી

8. નીચે આપેલમાંથી દશાંકી સંખ્યા 13ને સમકક્ષ દ્વિઅંકી કઈ સંખ્યા છે ?

(A) 1101 (B) 1001

(C) 1011 (D) 1111

9. નીચેનામાંથી કઈ ઓપરેટિંગ સિસ્ટમ માત્ર ટેક્સ્ટ આધારિત ઇન્ટરફેસ આપે છે ?

(A) MS-DOS (B) Ubuntu ડેસ્કટોપ

(C) વિન્ડોઝ 11 (D) લિનક્સ

10. નીચે આપેલમાંથી કમ્પ્યૂટરમાં આવેલું કયું ખાસ સોફ્ટવેર યુઝર અને કમ્પ્યૂટરના હાર્ડવેર વચ્ચે સંપર્કનું કામ કરે છે ?

(A) એપ્લિકેશન સોફ્ટવેર (B) કંપાઈલર

(C) ઇન્ટરપ્રિટર (D) ઓપરેટિંગ સિસ્ટમ

11. ઓપરેટિંગ સિસ્ટમ મુખ્યત્વે કેટલા મુખ્ય ઘટકોમાં વહેંચાયેલ હોય છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

12. નીચે આપેલમાંથી PDAનું સંપૂર્ણ નામ કયું છે ?

(A) Personal Desktop Assistant (B) Professional Digital Assistant

(C) Personal Digital Assistant (D) Private Digital Assistant

13. નીચે આપેલમાંથી ઉબુન્ટુની રચના કઈ સંસ્થા દ્વારા કરવામાં આવી છે ?

(A) રેડહેટ (B) ફેડોરા

(C) કેનોનિકલ (D) માઇક્રોસોફ્ટ

14. નીચે આપેલમાંથી ઉબુન્ટુ ડિરેક્ટરીના માળખામાં કઈ ડિરેક્ટરીમાં સિસ્ટમની કન્ફ્યુગરેશન ફાઈલ અને સેલ સ્ક્રીપ્ટ હોય છે ?

(A) /dev (B) /etc

(C) /user (D) /ver

15. ઉબુન્ટુમાં નીચે આપેલમાંથી કયા કમાન્ડનો ઉપયોગ કોઈ ફાઈલની માહિતી ડિસ્પ્લે કરવા માટે થાય છે ?

(A) man (B) chgrp

(C) who (D) cat

16. ઉબુન્ટુ ડિફોલ્ટ રૂપે નીચે આપેલમાંથી કયા ડેસ્કટોપ એન્વાયરમેન્ટનો ઉપયોગ કરે છે ?

(A) KDE (B) LZDE

(C) XFCE (D) GNOME

17. નીચે આપેલમાંથી મુખ્યત્વે જીમ્પનો ઉપયોગ શેના માટે થાય છે ?

(A) કોડ લખવા (B) ઈમેજ એડિટિંગ અને ગ્રાફિક ડિઝાઈન

(C) ઓડિયો મિક્સિંગ (D) મોડેલિંગ

18. ઉબુન્ટુના GNOME કેલ્ક્યુલેટરનો નીચે આપેલમાંથી કયો મોડ યુઝર્સને બે તારીખો વચ્ચેના તફાવતની ગણતરી કરવા અથવા આપેલી તારીખમાં દિવસો ઉમેરવા/બાદ કરવાની સગવડ આપે છે ?

(A) બેઝિક મોડ (B) ફાઇનાન્સિયલ મોડ

(C) પ્રોગ્રામિંગ મોડ (D) ડેટ કેલ્ક્યુલેશન મોડ

19. નીચે આપેલમાંથી કયું ઉબુન્ટુ અને અન્ય GNOME આધારિત લીનક્સ સિસ્ટમમાં ડિફોલ્ટ ફાઇલ મેનેજર છે ?

(A) નોટીલસ (B) માઈક્રોસોફ્ટ

(C) બ્રાઉઝર (D) સ્પેડશીટ

20. જીમ્પ ટૂલબોક્સમાં નીચે આપેલમાંથી કયા ટૂલનો ઉપયોગ ઈમેજના અમુક ભાગોને કાપી નાખવા માટે થાય છે ?

(A) Resizing (B) Cropping

(C) Rotating (D) Gradient

21. નીચે આપેલમાંથી કઈ વર્ડ પ્રોસેસરની લાક્ષણિકતા નથી ?

(A) સ્પેલ ચેક (B) ટેક્સ્ટ ફોર્મેટિંગ

(C) વીડિયો એડિટીંગ (D) કોપી અને પેસ્ટ

22. નીચે આપેલમાંથી કયો બાર ટાઈટલ વિન્ડોની ટોચ પર આવેલ હોય છે અને તે કરન્ટ ડોક્યુમેન્ટ ફાઈલનું નામ દર્શાવે છે ?

(A) ટાઈટલ બાર (B) મેનુબાર

(C) સ્ટાન્ડર્ડ ટૂલબાર (D) સ્ટેટસ બાર

23. નીચે આપેલમાંથી કયો કીબોર્ડ શોર્ટકટનો ઉપયોગ કરન્ટ ડોક્યુમેન્ટના લખાણને તેના હાલના ફાઈલના નામ અને સ્થાન પર સેવ કરવા માટે થાય છે ?

(A) Ctrl + N (B) Ctrl + O

(C) Ctrl + S (D) Ctrl + P

24. Writer માં પ્રિન્ટિંગ કરતાં પહેલાં ડોક્યુમેન્ટ કાગળ પર કેવું દેખાશે તે જોવા માટે નીચે આપેલમાંથી કયા મેનુ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) Edit-->Print (B) Format-->Print Preview

(C) View-->Print (D) File-->Print Preview

25. નીચે આપેલમાંથી કયું પેજ સેટિંગ લિબ્રે ઑફિસ રાઈટરમાં ડિફોલ્ટ સેટિંગ હોય છે ?

(A) લિગલ (Legal) (B) A4

(C) લેટર (Letter) (D) A3

26. Writer ડોક્યુમેન્ટમાં એક શબ્દને સિલેક્ટ કરવા માટે શબ્દ પર માઉસ બટનને નીચે આપેલમાંથી કઈ રીતે ક્લિક કરવામાં આવે છે ?

(A) સિંગલ ક્લિક (B) ડબલ ક્લિક

(C) ટ્રિપલ ક્લિક (D) રાઈટ ક્લિક

27. Writer ડોક્યુમેન્ટમાં હેડર અને ફુટર ઊમેરવા માટે નીચે આપેલમાંથી કયા મેનુ વિકલ્પનો ઉપયોગ થાય છે ?

(A) Format-->Header and Footer (B) Edit-->Header and Footer

(C) Insert-->Header and Footer (D) View-->Header and Footer

28. Writerના ટેબલમાં રો અને કોલમના છેદથી બનતા ભાગને નીચે આપેલમાંથી શું કહે છે ?

(A) ટેબલ (B) ઓટો ફોર્મેટ

(C) સેલ (D) નેસ્ટેડ ટેબલ

29. Writer ડોક્યુમેન્ટના મેઈલ મર્જમાં દરેક પ્રાપ્તકર્તાનું અનન્ય સરનામું ધરાવતી ફાઈલ નીચે આપેલમાંથી કયા નામથી ઓળખાય છે ?

(A) મેઈન ડોક્યુમેન્ટ (B) ડેટા સોર્સ

(C) મર્જ ફિલ્ડસ (D) પ્રિન્ટ ડોક્યુમેન્ટ

30. Writer ડોક્યુમેન્ટમાં પિક્ચરના કદ બદલતી વખતે પિક્ચર ખેંચાયેલું કે સંકુચિત ન લાગે તે માટે ડ્રેગ કરતી વખતે નીચે આપેલમાંથી કીબોર્ડની કઈ કીનો ઉપયોગ કરીશું ?

(A) Enter (B) Alt

(C) Shift (D) Tab

31. નીચે આપેલમાંથી કયું પ્રેઝન્ટેશન સોફ્ટવેર છે ?

(A) Impress (B) Writer

(C) Base (D) Calc

32. Impressમાં સ્લાઈડ શો અટકાવવા માટે નીચે આપેલમાંથી કઈ કી નો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) Tab (B) Escape

(C) Space (D) Enter

33. Impressમાં ફાઈલને સેવ કરવાથી નીચે આપેલમાંથી કયું એક્સટેન્શન મળે છે ?

(A) .imp (B) .xls

(C) .odp (D) .pic

34. Impress પ્રેઝન્ટેશન દરમિયાન એક સ્લાઈડમાંથી બીજી સ્લાઈડ પર જતી વખતે દર્શાવવામાં આવતી વિઝ્યુઅલ અસરને નીચે આપેલમાંથી શું કહેવાય છે ?

(A) કસ્ટમ એનિમેશન (B) સ્લાઈડ ટ્રાન્ઝિશન

(C) સ્લાઈડ એનિમેશન (D) પેજ એનિમેશન

35. Impressમાં Drawing ટૂલબારના નીચે આપેલમાંથી કયા ટૂલ દ્વારા વર્તુળાકાર દોરી શકાય છે ?

(A) Circle (B) Rectangle

(C) Ellipse (D) Arrow

36. Impressમાં નીચે આપેલમાંથી શેની મદદથી કલાત્મક લખાણ ઉમેરી શકાય છે ?

(A) Gallery (B) Callouts

(C) Symbol Sharpes (D) Fontwork Gallery

37. Impress પ્રેઝન્ટેશનમાં બધી સ્લાઈડમાં કન્ટેન્ટ ઉમેરવાની સૌથી અસરકારક રીત નીચે આપેલમાંથી કઈ છે ?

(A) Slide Master (B) Slide Sorter

(C) Slide Outline (D) Slide Note

38. નીચે આપેલમાંથી કયું સાયબર જોખમ કાયદેસર સોફ્ટવેર જેવું લાગે છે, પરંતુ એકવાર સક્રિય થયા પછી હાનિકારક ક્રિયાઓ કરે છે ?

(A) વાઈરસ (B) વોર્મ

(C) ટ્રોજન (D) રેન્સમવેર

39. URLમાં નીચે આપેલમાંથી શેનો ઉપયોગ સુરક્ષિત કનેક્શન સૂચવે છે ?

(A) HTP (B) HTTP

(C) HTTPS (D) HTT

40. નીચે આપેલમાંથી કયો એક કમ્પ્યૂટર પ્રોગ્રામ છે, જે આપણા કમ્પ્યૂટર, મોબાઈલ ફોન અને ટેબલેટમાંથી વાયરસ અને અન્ય દૂષિત પ્રોગ્રામને શોધવા અને દૂર કરવા માટે રચાયેલા છે ?

(A) ફાયરવોલ (B) સાયબર ક્રાઈમ પોર્ટલ

(C) એન્ટિવાઈરસ (D) કોપી રાઈટ